જેના હૈયામાં પરહિતની
ઝંખના છે એને એ
સાધવાના રસ્તા પણ
કુદરત આપોઆપ આપવા
લાગે છે
- ઇન્દુલાલ યાજ્ઞિક

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૪ | ૨૭ ડિસેમ્બર, ૨૦૧૪, શનિવાર ; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપામાં વેરા વસુલીની નબળી કામગીરી

## નબળી કામગીરી આર્થિક સંકટ તરફની ગતિ હોવાની ચિંતા સત્તાધારી પક્ષ સહિત સૌને સતાવી રહી છે : વ્યવસાય વેરાની આવક માટે સર્વે કરવાની વાત ફાઈલોમાં અટવાઈ : વસુલાતની કામગીરીની વાતો પોથીમાંના રીંગણા જેવી રહી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં નબળી વેરા વસુલાતની કામગીરી બે સત્તાધીશોની ઉંઘ ઉડાડી દીધી છે. અંદાજપત્રમાં વ્યવસાય વેરા સહિતના અન્ય વેરાઓની વસુલાત સઘન બનાવવાની કરાયેલી વાતો પોથીમાંના રીંગણા જેવી સાબિત થઈ રહી છે.

મનપાના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વ્યવસાય વેરાની વસુલાત માટે અલગથી સર્વે કરાશે તેમ જૂની વસુલાતો પણ સઘન બનાવાશે તેવી જાહેરાત કરાઈ હતી પરંતુ સર્વે કરવાની વાત વિસરાઈ ગઈ એટલુંજ નહિ પણ નવા વ્યવસાયકારોને શોધી આવક વૃદ્ધિના અસરકારક પગલાં લેવામાં પણ તંત્ર ઉણું ઉતર્યું છે.

તાજેતરમાં મળેલ મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં પણ આ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. વ્યવસાય વેરામાં જ પાંચ કરોડ જેટલી વસુલાત બાકી હોવાનું ચિત્ર રજૂ થયું હતું તેમજ અન્ય વેરાઓનું ચિત્ર પણ અપેક્ષા કરતાં ખૂબ જ ચિંતાજનક હતું.

ચિંતાની લાગણી વ્યક્ત કરતાં સભ્યોએ વેરા વસુલાતની કામગીરીને લઈ ખાસ બેઠક યોજવાનો વિચાર રજૂ કર્યો હતો. તેમજ કઈ-કઈ વસુલાતો માટે કેવા પગલાં લેવા તેની વ્યુહરચના તૈયાર કરવાનો વિકલ્પ અપનાવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે વાયબ્રન્ટ સમીટને લઈ તંત્ર અને કર્મચારી - અધિકારીઓ તેમાં વ્યસ્ત હોવાને લઈ હવે જાન્યુઆરીના પ્રથમ પખવાડિયાને અંતે આ અંગેની વ્યુહરચના આખરી કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વિકાસની પ્રક્રિયાએ જે રીતે વેગ પકડ્યો છે તેની સાથે વ્યવસાય વેરાની જે વસુલાત જે વધવી જોઈએ તે વધી નથી એટલું જ નહિ પણ નવા વ્યવસાયકારોને શોધી વસુલીની કાર્યવાહી શૂન્ય જેવી રહેવા પામી છે. તંત્રએ આ દિશામાં કોઈ નક્કર કાર્યવાહી ના કરતાં તેની અસર આવક પર થવા લાગી છે.

મનપાની આવકમાં જ વધારો નોંધાવો જોઈએ તે પણ નોંધાયો નથી. મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા વેરા વસુલી માટેનું જે અભિયાન છેડાવું જોઈએ તેવી કોઈ નક્કર કાર્યવાહી કરી નથી. બીજી તરફ વિકાસ માટેના ખર્ચનું ભારણ વધી રહ્યું છે. સરકારી ગ્રાન્ટો વધુ મેળવવામાં પણ તંત્ર નિષ્ફળ રહ્યું છે. જો આવુ ઉદાસીન વલણ તંત્રનું ચાલુ રહે તો બાલ્યાવસ્થામાં જ આર્થિક સંકટમાં ફસાતા વાર નહિ લાગે.

અધિકારીઓ દ્વારા વારંવાર અવનવી વાતો કરી અને બધુ સરસ ચાલી રહ્યાનો સંકેત આપતા હોય છે પણ આર્થિક રીતે તંત્ર નબળાઈ તરફ ડગ માંડી રહ્યું છે. સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટો સિવાય નવા સ્ત્રોતો ઉભા પણ નથી કરી શકાયા તે અંગે પણ ચિંતા સૌને સતાવી રહી છે.



નગર સુશોભન - નગરના રાજમાર્ગ સમા 'ચ' અને 'ઘ' માર્ગ પર સેન્ટ્રલ વર્જ શણગારાઈ રહ્યા છે... ઘાસનું નિંદામણ કરી રંગબેરંગી ફુલો માટે નવેસરથી રોપાઓની રોંપણી થઈ રહી છે... ચોખ્ખાચણાક સેન્ટ્રલ વર્જમાં અવનવા રંગબેરંગી ફુલોથી નગરના રાજમાર્ગોને એક નવો લૂક મળશે... આજકાલ તો ગાંધીનગરના ચારેય માર્ગો અતિસુંદર બની રહ્યા છે. ચોખ્ખાચણાક છે... રિફ્લેક્ટર છે... આજકાલમાં નવા બોર્ડ લાગી જશે. સેન્ટ્રલ વર્જના નવા છોડા રોપાઈ જશે... બ્લેક એન્ડ વ્હાઈટ પટ્ટા ફરી રંગાઈ રહ્યા છે... આમ નગર સોળેકળાએ શણગારાઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં પુનઃ ઠંડીનું મોજુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાનનો પારો ફરી ગગડયો છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયા બાદ એક જ દિવસમાં પારો પાંચેક ડિગ્રી જેટલો ગગડીને ગઈ રાત્રે ૯.૨ પર અટકયો છે. દિવસ દરમિયાન પવનની ગતિ વધુ રહેતા ઠંડીની અસર વધુ જણાઈ હતી.

ગાંધીનગરમાં ગઈ કાલે રાત્રે ફરી ઠંડી વધી હતી. લઘુત્તમ તાપમાન ૯.૨ ડિ.સે. સુધી ઘટી જતાં વસાહતીઓ નાતાલની રાત્રે ટાઢમાં ધ્રુજી ઉઠયા હતા. છેલ્લા અઠવાડિયાથી ઠંડીમાં ખુબ રાહત હતી. લઘુત્તમ તાપમાન છેલ્લા કેટલાક દિવસોથી ૧૦ ડિગ્રથી વધુ રહેતા ઠંડીમાં રાહત હતી. પરમ દિવસે રાત્રે તો લઘુત્તમ તામપાન ૧૪ ડિગ્રીએ પહોંચી જતા સારી એવી હુંફ અનુભવાઈ હતી. પરંતુ ગઈ કાલે રાત્રે ફરીથી લઘુત્તમ તાપમાન પાંચેક ડિગ્રી જેટલું ગગડીને ૯.૨ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. જેના કારણે વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા હતા. નાતાલની રાત્રે અચાનક જ ઠંડી વધતા વસાહતીઓને એકથી વધુ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. દિવસ દરમિયાન પણ સતત પવન ફુંકાતા ઠંડીની અસર વધુ વર્તાઈ હતી. મહત્તમ તાપમાન ૨૭ ડિ.સે. નોંધાયું હતું.

# વાઈબ્રન્ટ સમિટમાં શહેરનાં ૧૩ મેદાનોમાં પાર્કીંગ થશે

## વીવીઆઈપી માટે મહાત્મા મંદિરમાં ત્રણ પાર્કિંગ : પાર્કીંગ ફરતે ગ્રીલ કરી કેમેરા લગાડાશે : પાર્કીંગથી મહાત્મા મંદિર સુધી મહેમાનોને લાવવા લઈ જવા ૨૫ એ.સી. બસો શટલ મારશે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૬

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિર તથા એકઝીબીશન સેન્ટર ખાતે મળીને ૨૦ લાખથી વધુ લોકોના આગમનનો અંદાજ છે. જેને લઈ પાર્કીંગની દષ્ટિએ કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટ અલગ અલગ કલર કોડ મુજબ પાર્કીંગ પ્લેસ નકકી કરવામાં આવ્યા છે. શહેરના કુલ ૧૩ મોટા મેદાનોમાં પાર્કીંગ કરવા મેદાનો તંત્ર દ્વારા લઈ લેવલીંગ તથા ફેન્સીંગ કામગીરી શરુ કરી દેવામાં આવી છે.

તમામ ૧૩ પાર્કીંગ પ્લેસ પર સીસીટીવી કેમેરાની વોચ રહે તે મુજબ પણ આયોજન થઈ રહ્યું છે. વીવીઆઈપી મહાનુભવો માટે મહાત્મા મંદિરનાં જ ત્રણ પાર્કિંગ પ્લેસ નક્કી કરવામાં આવ્યા છે. ત્યાર બાદ કલર કોડ મુજબ તેના પાર્કીંગ પ્લેસનું ડીસ્ટન્સ વધતું જશે. સે-૯ મેદાન, રામકથા મેદાન, સે-૧૧ એલઆઈસી ગ્રાઉન્ડ, સે-૧૫ કોલેજ, સે-૧૨ માધ્યમિક શાળા સહિતનાં વિવિધ મેદાનોમાં પાર્કીંગ કરશે. આ તમામ પાર્કીંગ પ્લેસથી મહાત્મા મંદિર સુધી વાયબ્રન્ટમાં આવનાર મહેમાનોને લાવવા લઈ જવા માટે પણ ખાસ એસી બસોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સેમી લૉ ફલોર મીની બીઆરટીએસ એસી બસોનો ઉપયોગ પાર્કીંગથી મહાત્મા મંદિર મહેનાનોને લાવવા લઈ જવા શટલ મારવા કરાશે તે માટે ૨૫ જેટલી બીઆરટીએસ બસો મુકવામાં આવશે.

# વાઈબ્રન્ટ રૂટ પર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડનું ચેકીંગ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાત્મા મંદિરથી અમદાવાદ એરપોર્ટ સુધીના વાઈબ્રન્ટ રૂટ પર આજથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ દ્વારા સઘન ચેકીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. આખા વાયબ્રન્ટ રૂટ પર કોઈ પણ શંકાસ્પદ કે બિનવારસી ચીજવસ્તુ દેખાય તો તેનું ચેકીંગ કરીને હટાવી લેવાની કામગીરી શરુ કરવામાં આવી છે.

**શંકાસ્પદ બિનવારસી ચીજવસ્તુઓ દુર કરી દેવાઈ**



(તસવીર : વિપુલ ચૌહાણ)

બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડની વિવિધ ટુકડીઓ પાડવામાં આવી છે અને વીવીઆઈપી મહાનુભાવો જે રૂટ પર આવવાના છે તે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગરના સમગ્ર માર્ગ પર સુરક્ષાની દષ્ટિએ ચેકીંગ શરુ કરાવાયું છે. માર્ગની આસપાસના વિસ્તારમાં પડેલી તમામ બિનવારસી તથા શંકાસ્પદ ચીજવસ્તુઓનું બોમ્બ ડીટેકટર સહીતના સાધનો વડે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ચેકીંગ શરુ કરવામાં આવ્યું છે. આજે ચ માર્ગ પર તેની આસપાસના વિસ્તારોમાંથી બિનવારસી ચીજવસ્તુઓ હટાવી લેવાઈ હતી. એક સપ્તાહમાં સમગ્ર રૂટમાં ચેકીંગ સમાપ્ત કરી તેના પર અન્ય કોઈ બિનવારસી ચીજવસ્તુ ન આવી જાય તે અંગે ખાસ વૉચ રાખવામાં આવશે.

# બંને પક્ષોની સભ્ય નોંધણી ઝુંબેશથી શહેરમાં રાજકીય ગરમાવો જામ્યો છે

## ભાજપે ૪૩ હજાર સભ્યો નોંધ્યા તો કોંગ્રેસે ૪૫૦૦ સભ્યો નોંધ્યા : બંને પક્ષો યુવા કાર્યકરો વધ્યાનો દાવો કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચાલી રહેલી સભ્ય નોંધણી ઝુંબેશમાં ભાજપ તેના મુખ્ય સ્પર્ધક કોંગ્રેસ કરતાં ઘણું આગળ નીકળી જતાં ભાજપના સંગઠકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભાજપના શહેર એકમે ગાંધીનગર શહેરમાં ૪૩ હજાર જેટલા પ્રાથમિક સભ્યોની નોંધણી કરી દીધી છે. તો બીજી તરફ કોંગ્રેસે અત્યાર સુધીમાં ૪૫૦૦ જેટલા સક્રિય સભ્યોની નોંધણી કરી છે. બંને પક્ષો દ્વારા ચાલી રહેલી સભ્ય નોંધણી ઝુંબેશે ઠંડીના માહોલમાં પણ ભારે રાજકીય ગરમાવો જગાવ્યો છે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સભ્ય નોંધણીમાં દરેક વોર્ડમાં સારો પ્રતિસાદ મળ્યો છે. જો કે દરેક ઘરમાંથી એક સદસ્ય બનાવાના લક્ષ્યાંકમાં થોડીક પીછેહઠ થઈ છે તેવો આડકતરો એકરાર પણ નેતાઓ ખાનગીમાં કરે છે. જો કે ગત સંગઠન પર્વ કરતાં સભ્યોની સંખ્યા વધુ નોંધાઈ હોવાનું આગેવાનો કહી રહ્યા છે.

હાલ પક્ષમાં ઓન લઈન સભ્ય નોંધણી ચાલુ હોવાનું જણાવતા પક્ષના સૂત્રોએ જણાવ્યું છે કે અમે ૪૫ હજારનો આંક આરામથી પાર કરી જઈશું.

● અનુસંધાન પાન-૭ પર

# કેન્દ્ર તરફથી વધુ ગ્રાન્ટ મેળવવાના પ્રયાસો કરવા વિભાગોને સૂચના

ગાંધીનગર, તા.૨૬

ચાલુ નાણાંકીય વર્ષ એ પૂર્ણ થવાને આરે છે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ મહત્તમ મેળવવા માટેનો પ્રયાસ કરવા માટે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર તરફથી મળવા પાત્ર રકમ પૈકી કેટલી રકમ વિભાગો દ્વારા મેળવવામાં આવી છે તે અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી આ સમીક્ષા દરમિયાન એવું ધ્યાન પર આવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫ માટે રાજય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ૧૭૦૦૦ કરોડ જેટલી રકમ મળવાપાત્ર છે જે પૈકી ૧૪ ઓકટોબર ૨૦૧૦ સુધીમાં ૩૦ ટકા જેટલી જ રકમ મળી છે જે આ સમય સુધીમાં મળવાપાત્ર રકમ કરતાં ઘણી ઓછી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવી રકમ વિભાગોને મળવાનુંપ્રમાણ નોંધપાત્ર રીતે ઓછુંછે તે વાતનો ઉલ્લેખ કરીને રાજય સરકારે આ વિભાગોને આ દિશામાં સત્વરે પ્રયત્નો કરવા માટે વિનંતી કરવામાંઆવી હતી અને આ અંગેની સમીક્ષા બેઠકો વિભાગના નાણા સલાહકારની ઉપસ્થિતિમાં યોજવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઘણીવાર વિભાગો દ્વારા પણ સમયસર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો કેન્દ્ર સરકારને મોકલવામાં આવતા ન હોવાને કારણે પણ કેન્દ્ર તરફથી મળવાપાત્ર રકમ પૂરતી મેળવી શકાતી નથી.

જોઈએ છે
ગાડી માટે
ડ્રાઈવર જોઈએ છે
મો. : ૯૮૭૯૬ ૮૧૦૯૧

બમ્પર ધમાકા લગ્ન પ્રસંગે ખાસ ઓફર
૨ ખરીદો ૧ ફ્રી મેળવો
મુરલીધર ફેક્ટરી આઉટલેટ
રૂ. 1499/-
૩ કોટન પેન્ટ ૩ શર્ટ
૩ જીન્સ પેન્ટ ટી-શર્ટ
સી/૭-૮, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમય: ૯ થી ૭)

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ગાંધીનગર પ્રજાપતિ સમાજ
તા. ૨૮ ડિસેમ્બર રવિવારના રોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે બપોરે ૨ થી રાતના ૧૧ કલાક સુધી વિશિષ્ટ સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ પારિતોષિક અપાશે. ઉપરાંત "દીકરી વ્હાલનો દરિયો" અંતર્ગત ૧ દીકરી હોય તેવા માતા - પિતાનું અભિવાદન તથા રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી હાસ્ય રસિક કાર્યક્રમ સાથે ડાયરાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે માટે સર્વે જ્ઞાતિ બંધુઓને ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.
અલ્પેશભાઈ એમ. પ્રજાપતિ, પ્રમુખ

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬